# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1) લોકસભામાં ચૂંટણી સુધારાઓની ચર્ચા ચાલી રહી છે

2) **ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, રાષ્ટ્રગીત, વંદે માતરમ, દેશભક્તિ, બલિદાન અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બન્યું**

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 2023 અને 2024 માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો એનાયત કર્યાં.

4) **પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વિજળી યોજના હેઠળ, દેશમાં કુલ સાત હજાર 75 પોઈન્ટ 78 મેગાવોટ છત પર સૌર ઉર્જા સ્થાપિત કરવામાં આવી છે**

5) **નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અધિકારીઓને એરલાઇન કામગીરી અને મુસાફરોની સેવાઓનું નિરીક્ષણ કરવા વિમાનીમથકની મુલાકાત લેવા જણાવ્યું.**

6) **ક્રિકેટમાં, ઓડિશાના કટકમાં ભારતે દક્ષિણ આફ્રિકા સામે પ્રથમ ટી-ટવેન્ટી મેચમાં ............વિકેટ ......... રન કર્યાં છે.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# LS – DISCUSSION-1

લોકસભા ચૂંટણી સુધારા ઓની ચર્ચામાં ભાગ લેતા કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ - SIR ઘણી વખત કરવામાં આવ્યું હતું , પરંતુ હવે વિપક્ષ આ પ્રક્રિયા પર સવાલ ઉઠાવી રહ્યું છે . તેમણે દેશની મતદાન પ્રણાલીની પ્રશંસા કરતા કહ્યું કે આઝાદી પછી દરેકને સમાન મતદાન અધિકારો મળ્યા છે.

ચર્ચામાં ભાગ લેતા , ભાજપના નિશિકાંત દુબેએ કહ્યું કે ભાજપ વોટ બેંક રાજકારણને બદલે રાષ્ટ્રીય હિતનું રાજકારણ કરે છે . તેમણે વિપક્ષી પક્ષો પર SIR અંગે રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચા ઘુસણખોરોના મતોથી ચૂંટણી જીતે છે , જેના કારણે તેઓ SIRનો વિરોધ કરી રહ્યા છે.

ચૂંટણી સુધારાઓ પર બોલતા , લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મતદાર યાદીમાં ડુપ્લિકેટ મતદારોનો મુદ્દો ઉઠાવ્યો . તેમણે બિહારમાં SIR પર ચૂંટણી પંચને પ્રશ્ન કર્યો , અને આરોપ લગાવ્યો કે મતદાન યાદીમાં એક લાખ 20 હજાર ડુપ્લિકેટ ફોટોગ્રાફ્સ હાજર છે.

લોકસભામાં આજે ચૂંટણી સુધારા પર ચર્ચા શરૂ કરતાં કોંગ્રેસ પક્ષના મનીષ તિવારીએ કહ્યું કે ચૂંટણી પંચે મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ – SIR લાગુ કરવા પાછળના કારણો રજૂ કરવા જોઈએ.

ભાજપના સંજય જયસ્વાલે કહ્યું કે તાજેતરમાં પૂર્ણ થયેલી બિહાર ચૂંટણી માં મળેલી મોટી હાર પરથી ધ્યાન હટાવવા માટે વિપક્ષ SIRનો મુદ્દો ઉઠાવી રહ્યો છે.

# LS – DISCUSSION-2

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે કહ્યું કે ચૂંટણી પંચ નિષ્પક્ષ હોય તો જ સુધારા શક્ય છે . તેમણે મતદાન માટે બેલેટ પેપરનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું.

તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જીએ આરોપ લગાવ્યો કે SIR પ્રક્રિયા સાથે સંકળાયેલા કામના ભારણને કારણે દેશના વિવિધ ભાગોમાં ઘણા BLOએ જીવ ગુમાવ્યા છે.

કેન્દ્રીય મંત્રી અને જનતા દળ યુનાઇટેડના નેતા રાજીવ રંજન લલ્લન સિંહે કહ્યું કે ચૂંટણી પંચ SIR સારી કામગીરી કરી રહ્યું છે, અને આ એક યોગ્ય પગલું છે.

શિવસેના-UBT સાંસદ અનિલ દેસાઈએ કહ્યું કે EVM ને બદલે બેલેટ પેપરનો ઉપયોગ થવો જોઈએ.

રાષ્ટ્રીય જનતા દળના સાંસદ અભય કુમાર સિંહાએ બિહારમાં ચૂંટણીના સંચાલન પર સવાલ ઉઠાવ્યા હતા.

. . . . . . . . . . . . .

# AMIT SHAH

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે રાષ્ટ્રગીત , વંદે માતરમ, દેશભક્તિ, બલિદાન અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બન્યું , જેનાથી સ્વતંત્રતા ચળવળનો માર્ગ મોકળો થયો. રાજ્યસભામાં વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર ચર્ચા શરૂ કરતા શ્રી શાહે જણાવ્યું હતું કે આ અમર કાર્ય ભારત માતા પ્રત્યે ફરજ અને ભક્તિની ભાવના જાગૃત કરે છે.

(બાઇટ-અમિત શાહ)

શ્રી શાહે જણાવ્યું હતું કે વંદે માતરમ દ્વારા , બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે દેશને માતા અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ તરીકે પૂજવાની પરંપરા સ્થાપિત કરી હતી . ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે બંને ગૃહોમાં વંદે માતરમ પર ચર્ચા ભવિષ્યની પેઢીઓને તેનું સાચું મહત્વ સમજવામાં મદદ કરશે.

ચર્ચામાં ભાગ લેતા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે કોંગ્રેસે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન વંદે માતરમને એક સૂત્ર બનાવ્યું હતું . જ્યારે 1921માં મહાત્મા ગાંધીએ અસહકાર ચળવળ શરૂ કરી હતી , ત્યારે લાખો કોંગ્રેસી સ્વાતંત્ર્ય સેનાનીઓ વંદે માતરમ ગીત ગાતા જેલમાં ગયા હતા . શ્રી ખડગેએ કહ્યું કે, વંદે માતરમ ગીત ભારતના જાહેર જીવનમાં ત્યારે આવ્યું જ્યારે ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે 1896માં કલકત્તામાં કોંગ્રેસ અધિવેશનમાં આ ગીતને પ્રથમવાર ગાયું હતું.

. . . . . . . . . . . . .

# PRESIDENT AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં 2023 અને 2024 માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો આપ્યાં. આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સન્માનો અસાધારણ કલાત્મક શ્રેષ્ઠતા અને ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટેની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે કલા લોકોને વિવિધ સંસ્કૃતિઓ અને એકબીજા સાથે જોડે છે.

(બાઇટ – રાષ્ટ્રપતિ, હસ્તકલા)

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે હસ્તકલા ક્ષેત્રમાં 68 ટકા કામદારો મહિલાઓ છે . આ ક્ષેત્રનો વિકાસ મહિલા સશક્તિકરણને પણ સુનિશ્ચિત કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PRESIDENT –HUMAN RIGHTS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે માનવ અધિકાર દિવસના કાર્યક્રમને સંબોધિત કરશે. આ વર્ષના માનવ અધિકાર દિવસનો વિષય "રોજિંદી આવશ્યકતાઓ - બધા માટે જાહેર સેવાઓ અને ગૌરવ" છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ આ વિષયને અનુરૂપ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રા જાહેર સેવાઓમાં સાર્વત્રિક, સમાન અને ગૌરવપૂર્ણ પ્રવેશ પર મુખ્ય ભાષણ આપશે.

આ પરિષદમાં રાજ્ય માનવ અધિકાર આયોગ , રાષ્ટ્રીય આયોગ, સરકારી અધિકારીઓ, નાગરિક સમાજ સંગઠનો અને શિક્ષણવિદોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# ECI-SIR

ચૂંટણી પંચે આજે જાહેરાત કરી હતી કે મતદાર યાદી ખાસ સુધારણા ઝુંબેશ-SIR ના બીજા તબક્કામાં અત્યાર સુધીમાં ૫૦ કરોડ ૯૯ લાખથી વધુ મતગણતરી ફોર્મ મતદારોને વિતરણ કરવામાં આવ્યા છે . આ તબક્કામાં ભાગ લેનારા આશરે ૫૧ કરોડ મતદારોમાંથી ૯૯.૯૭ ટકા છે.

પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આશરે ૫૦ કરોડ ફોર્મ ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. મતગણતરી ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ આ મહિનાની ૧૧મી તારીખ છે. જ્યારે કેરળમાં ૧૮ ડિસેમ્બર છે.

. . . . . . . . . . . . .

# SC - SIR

સર્વોચ્ચ અદાલતે આજે પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં SIR ના બીજા તબક્કામાં રોકાયેલા BLO અને અન્ય અધિકારીઓને મળી રહેલી ધમકીઓની ગંભીર નોંધ લીધી છે. ચૂંટણી પંચને આવા કેસોની નોંધ લેવા કહ્યું છે.

મુખ્ય ન્યાય મૂર્તિ સૂર્યકાંત અને ન્યાય મૂર્તિ જોયમલ્યા બાગચીની બ નેલી ખંડપીઠે ચૂંટણી પંચને SIR ના કાર્યમાં વિવિધ રાજ્ય સરકારો તરફથી સહકારના અભાવની ગંભીર નોંધ લેવા કહ્યું.

. . . . . . . . . . . . . .

# PM SURYA GAR YOJNA

પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વિજળી યોજના હેઠળ , દેશમાં કુલ સાત હજાર 75 દશાંશ 78 મેગાવોટ છત પર સૌર ઉર્જા સ્થાપિત કરવામાં આવી છે.

રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન એક પ્રશ્નના જવાબમાં , નવીન અને નવીનીકરણીય ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઈકે જણાવ્યું હતું કે આ યોજનાનો હેતુ નાણાકીય વર્ષ 2026-27 સુધીમાં એક કરોડ રહેણાંક ઘરોમાં છત પર સૌર ઉર્જા સ્થાપિત કરવાનો છે, જેનો ખર્ચ 75 હજાર 21 કરોડ છે.

આ યોજના હેઠળ છત પર સૌર ઉર્જા સ્થાપનોમાં ગુજરાત અગ્રણી રાજ્ય છે , જેની ક્ષમતા એક હજાર 828 મેગાવોટથી વધુ છે.

તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્રીય નાણાકીય સહાય હેઠળ યોજનાના લાભાર્થીઓને કુલ ૧૩ હજાર ૭૯૩ કરોડ રૂપિયાથી વધુ રકમનું વિતરણ કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# MINISTRY OF AVIATION

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તેના વરિષ્ઠ અધિકારીઓને એરલાઇન કામગીરી અને મુસાફરોની સેવાઓનું નિરીક્ષણ કરવા માટે વિમાનીમથકની મુલાકાત લેવા જણાવ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, મંત્રાલયે કહ્યું કે મુસાફરો પાસેથી પ્રતિસાદ લઈને કોઈપણ ખામીઓ અને સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવું જોઈએ.

દરમિયાન તાજેતરમાં ફ્લાઇટ વિક્ષેપો અને રદ થવાને કારણે , ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન ( DGCA) એ ઇન્ડિગોને તમામ ક્ષેત્રોમાં તેની ફ્લાઇટ્સ પાંચ ટકા ઘટાડવાનો નિર્દેશ આપ્યો છે

. . . . . . . . . . . . .

# LS – PM KISSAN

પીએમ-કિસાન યોજના શરૂ થયા પછી સરકારે 21 હપ્તાઓ દ્વારા 4 લાખ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કર્યું છે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે પ્રશ્નકાળ દરમિયાન લોકસભામાં માહિતી આપી હતી કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી પીએમ-કિસાન પોર્ટલ પર પ્રાપ્ત ડેટાના આધારે, સહાય રકમ લાભાર્થીઓના સીધા ખાતામાં વહેંચવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# INDIA - BANGLADESH

ભારતે આજે 38 બાંગ્લાદેશી માછીમારોને મુક્ત કર્યા. બાંગ્લાદેશે પણ તેમના જહાજ સાથે 47 ભારતીય માછીમારોને મુક્ત કર્યા. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે માછીમારોની માનવતાવાદી અને આજીવિકાની ચિંતાઓને ધ્યા નમાં રાખીને બંને દેશો દ્વારા આ પારસ્પરિક આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# CRICKET - IND VS SA T20

પુરુષ ક્રિકેટમાં, યજમાન ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 5 મેચની T-20 શ્રેણીની પ્રથમ મેચ આજે ઓડિશાના કટકમાં રમાઈ રહી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતના 10 ઓવરમાં 3 વિકેટે 72 રન થયા છે.

મેચ અગાઉ પત્રકાર પરિષદમાં, ભારતીય કપ્તાન સૂર્યકુમાર યાદવે કહ્યું કે ભારતીય ટીમે 2024 આવૃત્તિ પછી તરત જ T20 વર્લ્ડ કપ 2026 માટે તૈયારી શરૂ કરી દીધી હતી.

. . . . . . . . . . . . .

# JAL SHAKTI - HACKATHON

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી .આર. પાટીલે આજે નવી દિલ્હીમાં 'જલ શક્તિ હેકાથોન-2025' અને ભારત -વિન પોર્ટલ નો શુભારંભ કરાવ્યો . તેમણે હેકાથોનને એક રાષ્ટ્રીય ચળવળ તરીકે વર્ણવ્યું જે દેશની સામૂહિક પ્રતિભાને સુરક્ષિત , સમાવિષ્ટ અને ટેકનોલોજી-સંચાલિત પાણી ભવિષ્યના નિર્માણ માટે ઉપયોગ કરશે. જલ શક્તિ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હેકાથોનનો હે તુ પાણી ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . .